# ભર્તૃહરિ અને નીતિશતક : એક અવલોકન

**(ડો. હેમાગિની રાયસિગભાઈ ચૌધરી, વ્યાખ્યાતા સહાયક, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ભિલાડ, તા. ઉમરગામ, જિ. વલસાડ )**

**૧. પ્રાસ્તાવિક :** સસ્કૃત સાહિત્યમા મહાન કવિ તરીકે ભર્તૃહરિનુ નામ અમર બની ગયુ છે. અગિયારમી શતાબ્દીના શતકોના કવિ તરીકે તેઓ જાણીતા થયા છે. ભર્તૃહરિને શગારશતક, નીતિશતક અને વૈરાગ્યશતકના રચયિતા તરીકે ગણવામા આવે છે. આ ઉપરાત કેટલાક વિદ્વાનો વિજ્ઞાનશતકને પણ ચોથા શતક તરીકે ઓળખાવે છે. ભર્તૃહરિના નીતિશતક ગ્રથમા ૧૧૦ શ્લોકોનો સગહ છે. જીવનમા આવશ્યક નૈતિકતાને કવિએ પાણીદાર મોતી જેવા મુકતકોમા નિરૂપી છે. ભર્તૃહરિ મુકતક સાહિત્યના તેજસ્વી તારલા સમાન છે. વ્યકિત અને સમાજને માટે ઉપયોગી ગુણોને રજૂ કરતા કવિએ આ ગ્રથમા એક રીતે કવિએ સમાજશાસ્ત્રનુ નિરૂપણ કર્યુ છે. દૈનિક જીવનમા ઉપયોગી બને એવી બોધપ્રદ સૂકિતઓ જોવા મળે છે. સજ્જન પ્રશસા, દુર્જન નિન્દા, વિદ્યાગૌરવ, કર્મમહિમા, સદ્ગુણોનુ ગૌરવ અને મૈત્રી વગેરેને અત્યત માર્મિક રીતે રજૂ કરેલ છે. ભર્તૃહરિએ વૈદર્ભી શૈલીમા કલમ ચલાવી છે. તેમની રચનામા પ્રાસાદિકતા, માધુર્ય અને કલાત્કતા તરી આવે છે. તેઓ અત્યત કાળજીપૂર્વક શબ્દોની પસદગી અને શબ્દ વિન્યાસ કરે છે.

**૨. નીતિશતકની વિષયવસ્તુ :** ભર્તૃહરિના નીતિશતક ગ્રથમા ૧૧૦ શ્લોકોનો ભર્તૃહરિના નીતિશતક ગ્રથના ૧૧૦ શ્લોકોમા સજ્જન પ્રશસા, દુર્જન નિન્દા, વિદ્યાગૌરવ, કર્મમહિમા, સ્વમાનની શ્રેષ્ઠતા અને મૈત્રીભાવ જેવા ગ્રહણ કરવા યોગ્ય માનવીય ગુણોનુ આલેખન જોવા મળે છે.

**૧. સજ્જન પ્રશસા :** ભર્તૃહરિએ સજ્જનોની પશસા કરવા પોતાની કલમને છૂટી મૂકી દીધી છે. માનવીએ માનવ બનવુ એ સમાજનો આદર્શ છે. સજ્જનો પ્રાણના ભોગે પણ પાપકર્મ કરતા નથી. સજ્જનો ન્યાયપૂર્ણ વ્યવહારમા પ્રીતિ દાખવે છે. તેઓ જે કોઈ કાર્ય હાથમા છે, તે છોડી ન દેતા અવરોધોનો સામનો કરીને જ જપે છે. તેઓ સદા મહાન અને કઠિન કાર્યો કરતા રહે છે. મુશ્કેલીઓ સામે સજ્જનો


ISSN 2349-5634 (Print ) ISSN 2455-0973 (online) Vol.3 Issue 1 January 2017
Peer reviewed refereed International Journal Imp Fact 5.2
© IACRP

ધીરજ ધારણ કરે છે. સજજનો કયારેય સ્વાર્થી હોતા નથી. તેઓ આદરથી સૌ કોઈનુ ભલુ કરે છે, ભલાઈની વૃત્તિ તેઓમા વિલસે છે. પરોપકારી છે, પણ મૌન રહે છે. તેઓના હાથ દાનથી શોભે છે. સજજનોના મસ્તકો ગુરુ ચરણોમા વિનમ્ર બને છે. ફળો આવે છુ ત્યારે વૃક્ષો નીચે નમે છે, તેમ ગુણો હોવા છતા તેઓમા નમ્રતાના ગુણો હોય છે. તેઓ ન્યાયના માર્ગમાથી ચલિત થતા નથી.

**૨. દુર્જન નિન્દા :** ભર્તૃહરિ ધારદાર અને તીખા વચનોમા સમગ્ર સમાજની સજજનતાનો સુર સભળાવી દે છે. દુર્જનો સાથે સબધ બાધવામા તેઓ ભારે જોખમ ગણાવે છે. મધુરભાષીને હીન કહીને દબાવે છે. સજજનોને તેઓ કારણ વિના જ પીડતા હોય છે. પરપીડા તેઓની પકૃતિમા જ પ્રસરી ગયેલુ તÿવ છે. તેઓ અત્યત નિકટ હોવાનો દેખાવ કરે છે પરતુ સમય જતા તેઓ નિકટતા ઘટાડી દે છે. અણીના સમયે મિત્રતા છોડી દે છે. તેઓ કારણ વિના જ પીડા આપતા હોય છે. અવળે માર્ગે વિચરતા દુર્જનોને સન્માર્ગે વાળી શકાતુ નથી.

**૩. વિદ્યાગૌરવ :** ભર્તૃહરિને મન કોઈપણ સમાજમા વિદ્યાનુ અપૂર્વ ગૌરવ કરવામા આવે છે. પશુ અને માનવ વચ્ચેનુ ભદક તÿવ વિદ્યા છે. વિદ્યા જ સાચુ ધન છે. વિદ્યાથી ભોગ, સુખ અને યશ મળે છે. પરદેશમા વિદ્યા સ્વજન જેવા હૂફ અને પોષણ આપે છે. રાજદરબારમા પણ વિદ્યા પ્રત્યે માન દાખવવામા આવે છે. પ્રલય થાય, સસાર તારાજ થાય પરતુ વિદ્યા ટકી રહે છે. સાચા વિદ્યાપુરુષનુ જ્ઞાન તેની વાણી દ્વારા વ્યકત થાય છે. પરિષ્કૃત અને સસ્કારી વાણી જ તેઓનુ સાચુ ઘરેણુ છે. તેઓ માટે ઘરેણા, કપડા – જેવા બાહ્ય સાધનો વ્યર્થ દેખાય છે. જ્ઞાનથી ઘમડ ઓગળી જાય છે. આમ, ભર્તૃહરિ વિદ્યાનુ ગૌરવ ગાય છે.

**૪. કર્મમહિમા :** ભર્તૃહરિએ કર્મવાદનો પણ પુરસ્કાર કર્યો છે. ફળ જો કર્મને આધીન હોય તો મહત્તમ ગૌરવ કર્મનુ છે. ભાગ્યહીન માનવ જયા જાય ત્યા આફતોને પણ લેતો જાય છે. કર્મના પરિપાકરૂપે બ્રહ્મા પ્રાણીમાત્રને કુભારની જેમ ઘડે છે. ગત જન્મમા વિપુલ પુણ્ય ઉપાર્જિત કયુ હોય, તેને માટે સર્વત્ર અનુકૂળ વાતાવરણ સર્જાય છે. પહેલા કરેલા પુણ્યો જ તેને દરેક અવસ્થામા બચાવે છે.

**સત્કર્મ ન આચરનાર માણસ સહેજ પણ સારો નથી. આમ, ફળ કર્મને આધીન છે. માટે જ બુદ્ધિમાન વ્યકિતએ વિચારપૂર્વક વિચારવુ જોઈએ.**

**૫. સદ્ગુણોનુ ગૌરવ : તદુરસ્ત સમાજ સદાચાર અને સદ્ગુણોના પાયા ઉપર રચાયલો હોય છે. આથી સમાજના એક ઘટક તરીકે સદ્ગુણનુ આચરણ પ્રત્યેક વ્યકિત માટે બધનકર્તા બની રહે છે. સત્સગની ઈચ્છા, વડીલો પ્રત્યે નમ્રતા, વિદ્યામા આસકિત, ઈશ્વરની ભકિત, આત્મસયમ, લોકનિદાનો ડર, સાચુ બોલવુ, યથાશકિત દાન કરવુ, પ્રાણીમાત્ર પર દયા કરવી – આ સર્વ સદ્ગુણો આચરવા જેવા હોય છે. આમ, ભર્તૃહરિ અનેકવિધ સદ્ગુણો પ્રત્યે ગૌરવ ભાવ વ્યકત કરે છે.**

**૬. મૈત્રીભાવ : ભર્તૃહરિએ મિત્રતાનુ ઉત્કૃષ્ટ મૂલ્ય આકયુ છે. મિત્ર હમેશા મિત્રની ઉન્નતિમા રસ ધરાવે છે. તે મિત્રને ભલાઈના કામમા પરોવે છે અને બુરી પ્રવૃત્તિઓથી વારે છે. જાહેર ન કરવા જેવી બાબતોને છુપાવી રાખી ગુણ પ્રસિદ્ધ કરે છે. આપત્તિકાળમા તે પડખે ઊભો રહે છે અને જરૂર પડયે આર્થિક સહાય પણ કરે છે. સાચા મિત્ર પોતાના વ્યકિતત્વથી મિત્રના જીવનને પરિમલપૂર્ણ કરી દે છે. જીવનમા મિત્રો તો અનેક મળી આવે છે પણ બધામા હૃદયની ઉષ્મા અને પ્રેમની પવિત્રતા હોતી નથી. કેટલાક મૈત્રીની ગાઠ ધીરે ધીરે વાળે છે પણ તેઓ સતત વધારતા જાય છે. તેઓ મનની જડતા દૂર કરે છે અને સત્યનો આગ્રહ રાખે છે. માનમા વધારો કરે છે, મનને પ્રસન્ન  કરે છે અને કીર્તિ ફેલાવે છે. મૈત્રીભાવ રચવા અને ટકાવવા સાચા પ્રેમથી ભરેલુ ભરેલુ દિલ જોઈએ – એવો નિર્દેશ ભર્તૃહરિ કરે છે.**

**૩. સમાપન : સસ્કૃત સાહિત્ય ધર્મ અને નીતિના સાહિત્ય માટે અત્યત પ્રસિદ્ધ છે. સસ્કતના કવિઓએ બહુજન સમાજને ઉપયોગી થાય તેવી રચનાઓ જગતને ભેટ ધરી છે. નીતિશતકમા સમાવિષ્ટ શ્લોકો ધ્વનિપૂર્ણ, પથદર્શક અને જમાના માટે સદાય સહાયક બની શકે તેમ છે. સાથે ભારતીય સમાજશાસ્ત્રની રૂપરેખા પણ ભર્તૃહરિએ આલેખી દીધી છે. આમ, નીતિશતકની ભૂમિકા ઘણી વિરાટ અને વિશાળ છે. નીતિમાન વ્યકિતઓથી ઘડાયેલા સમાજમા વ્યકિત અને સમાજ બને અવશ્ય આદરણીય અને સન્માનનીય બની શકે છે.**

# સદર્ભસૂચિ

૧. ડો. વાસુદેવ પાઠક અને ડો. હર્ષદેવ માધવ, (૨૦૦૦). ***પ્રશિષ્ટ અનં સસ્કૃત સાહિત્યનો ઈતિહાસ.*** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ.

૨. ડો. વિજય પડયા,(૨૦૦૪). ***અનુનય ( આસ્વાદમૂલક સસ્કૃત લેખોનો સચય).*** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ.

3. A. Macdonell, Motilal Banarasidas, (1986). ***History of Literature.*** (Second Edition), New Delhi : Bungali Road, Jawahar Nagar.

---------------------------------------------------------------------------